## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

કાળાં કપડાં પહેરી ડાકણ રાત ડરાવે છે,
લડવાનું જોમ છે છતાં હિંમત હરાવે છે,
તરાવે છે તૂટેલી નાવ વમળ તરાપો બની -
મળી શબ્દોની ઘોડી પંગુને પર્વત ચઢાવે છે.

હાઈકુ

ઉગરી જાય
દીવાદાંડી જોઈને
ડૂબતી નાવ

દોરી જઉં છું
અંધકારના ચિત્રો
અંધારપટ

(૨૫ વર્ષમાં એક માસ બાકી)

### ચિંતન

*યેન ખટ્વાં સમારૂઢઃ પરિતપ્યેત કર્મણા ।*
*આદાવેવ ન તત્ કુર્યા દધ્રુવે જીવિતે સતિ ॥*

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

જે કર્મ કરવાથી પલંગ પર સંતપ્ત થવું પડે, તે (કર્મ) જીવન અનિશ્ચિત -અસ્થિર હોવાથી આરંભવું જ નહીં.

જીવન અસ્થિર હોવાથી એવું જ કર્મ કરવું, જેથી પલંગ ઉપર (સૂતી વખતે) પણ સંતાપ ન થાય, મતલબ આરામ કરવાના સમયે પણ ચિંતામાં ન પડાય તેવું કર્મ કરવું.

કરેલાં કર્મ (સારાં કે ખરાબ) નું ફળ અવશ્ય મળે છે. કેટલાંક કર્મ એવાં હોય છે કે જેનું ફળ તરત આ જન્મમાં જ મળી જાય છે. જ્યારે કેટલોક કર્મ ભાવિ જન્મોમાંથી મળે છે.

જૈન ગ્રંથોમાં પણ 'કર્મ બાંધવું નહીં' એ સિદ્ધાંત જોઈ શકાય છે. ઘણી વાર સત્કર્મોની પાછળની ભાવના પણ દુષિત હોય તો તે સારું પરિણામ ન આવે. ગીતાજીમાં પણ કર્મયોગમાં 'તાટસ્થ્ય' શ્રતિ કેળવણીની સલાહ આપવામાં આવી છે. નિર્લેપ રહી ફળની આશા રાખ્યા વિના કર્મ - કર્તવ્ય બજાવવાં જોઈએ.

### સુવિચાર

- વક્ત કે ચૂલ્હે પર, ચઢાઈ સપનોં કી હાંડી,
  કર્મો કી આગ જલાઈ, ખુશીયોં કી રસોઈ બનાઈ - **શિશિર અગ્રાવત**
- ઉંમર વધે એટલે સોંદર્ય ઘટતું નથી,
  માત્ર ચહેરા પરથી ખશીને હૃદય પર જઈને વસે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગી આપણને ચાન્સ આપે છે, ચોઈસ નહીં - **સંજય શાહ**
- જયારે તમારા મનમાં કડવાશ ભરી હોય
  ત્યારે તમારી જીભ પર ભરોસો મૂકવો સલાહ ભર્યું નથી - **રોહિત શાહ**
- આપણા સ્વપ્નો અને આપણી વાસ્તવિકતા વચ્ચેનું અંતર
  કાપવાનો એક માત્ર ઉપાય : કાર્ય - **ભૂપત વડોદરિયા**
- સફળતાની વાનગીમાં નિષ્ફળતા સુગંધી મસાલાનું કામ કરીને એને મજેદાર બનાવે છે - **આકાશદીપ**
- આજનું ઔષધ : જાંબુના કુમળા પાન વાટી તે પેસ્ટ અળાઈ પર લગાડવાથી અળાઈ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એરિસ્ટોટલ ને કોઈ પણ પ્રકારના અતિરેકની બાબતમાં અભિપ્રાય પૂછ્યો ત્યારે એરિસ્ટોટલે કહ્યું હતું, 'કોઈ પણ પ્રકારના અતિરેકથી સમાજ-જીવન સુખી નથી થતું, વિજ્ઞાનનો અતિરેક પણ સારો નથી અને અતિ ધાર્મિકતા પણ સુખ આપતી નથી.'

એમના એકબીજા શિષ્યે એમને પજવવા માટે પ્રશ્ન પૂછ્યો. 'સાહેબ, તમે તમારો અભિપ્રાય આપ્યો હોય પણ એ જ વિષયના પ્રશ્નના જવાબમાં આપના જ ગુરુ પ્લેટો એ તો જુદી જ વાત કરી છે. આમ કેમ ? પ્લેટો તો આપના પણ ગુરુ હતા, પછી આમ કેમ ?'

એરિસ્ટોટલે શાંતિથી જવાબ આપ્યો : 'ભાઈ, મારા ગુરુ પ્લેટો તો ખૂબ મહાન તત્ત્વચિંતક હતા. એની મને ખબર છે. પંરતુ સત્યનો પ્લેટો કરતાં ય મહાન છે.'

શિષ્યને ગુરુ એરિસ્ટોટલની વાત ઊતરી ગઈ.

# મીડિયાને તો મસાલો જોઈએ

**તંત્રીસ્થાનેથી...**

છેલ્લા કેટલાય સમયથી બે વિશિષ્ટ વ્યક્તિઓ સતત ચર્ચામાં રહી છે. શાહરુખખાન અતિશય લોકપ્રિય ફિલ્મી હસ્તી હોવાને લીધે ક્રૂઝ ડ્રગ્સ કાંડમાં પકડાયેલો એનો લાડલો પુત્ર આર્યન ખાન અને અડધો નેતા-અડધો અભિનેતા એવો પૂર્વ ક્રિકેટર નવજોત સિધ્ધુ. આ બેઉ કોઈ જ્ઞાની મહામાનવો નથી. છતાં ચેનલો પર કોઈ પણ મહાત્મા કરતાં આજકાલ એમની બોલબાલા છે. એમણે કોઈ નોંધપાત્ર કહી શકાય એવી સિદ્ધિ પણ પ્રાપ્ત નથી કરી, છતાં મીડિયા એમને સતત ચમકાવતું રહે છે. અલબત્ત, આ જ આપણી સૌથી મોટી મર્યાદા છે. મીડિયા તો સનસનાટીને જ મહત્ત્વ આપે. એને પોતાની પ્રોડક્ટ વેચવી છે. એટલે દુનિયામાં હજારો લોકો ડ્રગ્સનું સેવન કરી ચૂપચાપ ઊંઘી જતા હશે કે પાર્ટીમાં ધમાલ પણ કરતા હશે, એમની ધરપકડ પણ થતી હશે, કોર્ટમાં કેસ પણ ચાલતા હશે અને લાંબી સજા પણ થતી હશે - પણ એ 'સામાન્ય' ાણસો કોઈ મીડિયાને એમને ચમકાવવામાં રસ નથી પડતો. આર્યન શાહરૂખનો દીકરો ન હોત તો એને આટલી 'સસ્તી પ્રસિદ્ધિ'ન મળી હોત. એની પાસેથી તો ડ્રગ્સનો દાણોય નથી મળ્યો કે પકડાયા પછી એના લોહીમાં પણ ડ્રગના અવશેષ નથી મળ્યા પણ એણે ડ્રગ્સ લેતો હોવાની કબૂલાત કરી છે અને ડ્રગ્સનો મોટો જથ્થો ઉપલબ્ધ કરાવવા સપ્લાયરને સૂચન કર્યું છે તથા એના સેવક સાથી સમા અરબાઝના બૂટમાંથી ચરસ મળ્યું છે એટલે નાર્કોટિક્સ બ્યુરે જેટલો જ એ આપણી નજરમાં પણ ગુનેગાર તો છે જ. પરંતુ જે રીતે પ્રમાણભાન વગર એની મિનિટ-ટુ-મિનિટ પ્રવૃત્તિના અહેવાલો મીડિયા પ્રસારિત કે પ્રકાશિત કરે છે એ તો ખરેખર એક પ્રકારનો આતંકવાદ જ ગણાવો જોઈએ. સમાચારની પણ કોઈ મર્યાદા તો હોવી જોઈએ જે લોકતંત્ર કે બંધારણ બાંધી શક્યું નથી. આર્યન ખાન ડ્રગ્સકાંડના નામે 'સેલિબ્રિટી' બની ગયો છે. હવે જયારે એ આ લફરામાંથી બાપના પ્રતાપથી સંડોવાયો એમ છૂટશે ત્યારે ડ્રગ્સની થીમ ઉપરથી જ કોઈ સ્ક્રિપ્ટ લખાવી ટંકશાળ પાડતી ફિલ્મ બનાવશે. નવજોત સિધ્ધુ અર્ધદગ્ધ, અપરિપક્વ, બાલિશ માણસ ચે. પણ કોંગ્રેસના હાઈકમાન્ડમાં પણ હવે તો અમરિંદરસિંહ કહે છે એમ બે 'બાળકો' જ બેઠાં છે. એમના બાલિશવેડા કયારેક એમને લાઈમલાઈટમાં લઈ આવે છે ખરા પણ એ પ્રજાની વોટ સ્વીકૃતિમાં ફેરવાતા નથી. પંજાબમાં અમરિંદરને નવજોતના ઈશારે હટાવીને અને એમના સ્થાને ચન્નીને મૂક્યા પછી પાછી નવજોતના જ ઈશારે એમની પણ પાંખે કાતરીને કોંગ્રેસની બાલિશ નેતાગીરીએ ભાજપ માટે એક મુશ્કેલ ગણાતા પ્રદેશમાં લાલ જાજમ પાથરી આપી છે. નાછૂટકે સ્વમાની પૂર્વ પટિલાયા નરેશ અને પૂર્વ મુખ્યમંત્રીએ પોતાના સ્વમાનની સાચવણી કાજે પોતાનો પ્રાદેશિક પક્ષ સ્થાપી ભાજપ સાથે ગઠબંધન કરવું પડે છે. હવે ખેડૂત આંદોલન સમેટવા માટે પણ ભાજપના હાથમાં અમરિંદર જેવા ખેડૂતોના હામી 'ટ્રબલ શૂટર' તરીકે ઉપલબ્ધ થશે. કોંગ્રેસને સિનિયર નેતાઓનું અપમાન કરવાની કુટેવ હંમેશા ભારે પડી છે. માધવસિંહને ચિઠ્ઠી પ્રકરણમાં કોરાણે કરી દીધાં પછી ગુજરાતમાં કોંગ્રેસનું સતત ધોવાણ થતું રહ્યું છે. શંકરસિંહ વાઘેલાને અદલ અમરિંદરસિંહની જેમ જ હાંસિયે ધકેલવા જતાં છેક હોઠ લગી આવેલો સત્તાનો જામ ઢોળાઈ જવા પામ્યો હતો તે કોણ નથી જાણતું ? અમરિંદર માટે ભાજપ અને ભાજપ માટે અમરિંદર પરસ્પર મદદગાર પરિબળો બની રહેશે. બનવા જોગ કે એથી પ્રજામત ઢોંગી કેજરીવાલની આમ આદમી પાર્ટી તરફ વળે; પરંતુ એ પણ શક્ય છે કે અકાલીદળના ટુકડા સાંધીને ભાજપની મદદથી કેન્દ્રની જાણીતી તોડફોડ રાજનીતિનો લાભ લઈ અમરિંદરને ગુમાવેલી રાજગાદી પાછી મળે !

# કુમારની છઠ્ઠ

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

આસો વદ છઠ સ્કંદછઠ છે - સ્કન્દષષ્ઠી. એને બે રીતે સમજાવી શકાય (૧) સ્કન્દ અને ષષ્ઠી (૨) સ્કંદની ષષ્ઠી

(૧) જેવી રીતે શિવ અને પાર્વતી - શિવ પાર્વતી - યુગલ છે. એવી જેન સ્કંદષષ્ઠી - સ્કંદ અને ષષ્ઠી - યુગલ છે. કુમાર કાર્તિકેયની પત્ની ષષ્ઠી છે. બંને એકબીજાને એકદમ અનુરુપ કુમાર પરાક્રમ સ્વરુપ અને ષષ્ઠી શક્તિસ્વરુપ. ખરેખર એનું નામ દેવસેના હતું. એ ઈન્દ્રની પુત્રી હતી. પરંતુ દેવીઓના ક્રમમાં છઠ્ઠી હતી - લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, દુરગા, રાધા અને દેવસેના. છઠ્ઠા ક્રમે હતી; એટલે ષષ્ઠી તરીકે જ જાણીતી થઈ ગઈ. કાર્તિકેય અને ષષ્ઠીને એકબીજા માટે નિષ્ઠા હતી. એ રીતે આ યુગલ વાચક નામ એકદમ યોગ્ય છે. કાર્તિકેય પણ પોતાની આ પત્ની સિવાય સંસારની બધી સ્ત્રીઓમાં માતા પાર્તવીનું રુપ જ જોતા.



(૨) સ્કંદની છઠ. આસો વદ છઠે એમનો જન્મ થયેલો. એ રીતે એ કુમાર કાર્તિકેયની છઠ છે. સ્કંદ એટલે શત્રુને કચડી નાખનાર. એક જુલમી શાસકના ત્રાસમાંથી પ્રજાનો છોડાવી એને કચડી નાખ્યો. કુમાર પરાક્રમી હતા. પ્રેમાળ હતી, પરદુઃખભંજનક હતા.

વજાંગ અને વરાંગીનો અસુરપુત્ર તારક હતો. વજાંગના અવસાન પછી શુક્રાચાર્યે તારકનો રાજ્યાભિષેક કર્યો. એણે ઉગ્ર તપસ્યા કરી. બ્રહ્મા પાસેથી વરદાન મેળવી લીધું - 'માત્ર શિવનો પુત્ર મને શસ્ત્રથી મારશે, તો જ મારું મૃત્યુ થશે.' એને તો એમ જ હતું 'શિવ તો યોગેશ્વર છે. અવિવાહિત જ રહેશે. એટલે મને કોઈ મારી નહીં શકે.' હવે નિરંકુશ થઈ ગયો, મદાંધ થઈ ગયો, મતમત્ત થઈ ગયો.

પરંતુ પાર્વતીએ એકદમ ઉગ્ર તપશ્ચર્યા કરી અને ભગવાન શંકરનું હૃદય જીતી લીધું. બંનેના વિવાહ થયા. એમને પુત્ર જન્મ્યો. હિમાલયમાં શરનું જંગલ હતું. ત્યાં એનો જન્મ થયો. એનું નામ શરજન્મા થયું. એ વખતે છ કૃતિકાઓ ત્યાંથી પસાર થઈ. એમણે આ પુત્ર માટે માતાઓનું વાત્સલ્ય અનુભવ્યું. આ છયે માતાઓએ સમાન ભાવે સ્તનપાન કરાવી શકે, એટલે આ શિશુ એ છ મુખ ધારણ કરી લીધા. એટલે આ કુમાર કાર્તિકેય કહેવાયો, ષડાનન કહેવાયો, ષણ્માતુર કહેવાયો. જન્મ સમયે વિશાખા નક્ષત્ર હતું. ભગવાન વિષ્ણુએ આ બાળકને વાહન માટે મયૂર આપ્યો. દેવી સરસ્વતીએ વીણા આપી.

કુમાર અવસ્થામાં જ કાર્તિકેય દેવોના સેનાપતિ થયા. એણે તારકાસુરને યુદ્ધ માટે પડકાર્યો. ભયંકર સંગ્રામ થયો. ઘમંડી અસુરે પડકાર તો ઉઠાવી લીધો. પરંતુ યુદ્ધ પણ એટલું જ ભયંકર આપ્યું. અંતે મહાદેવની સૂચનાનું કુમારે અક્ષરશઃ પાલન કર્યું. એને કારણે એણે તારકનો વધ કર્યો અને વિજય મેળવ્યો.

કાર્તિકેય યુદ્ધવિદ્યા, વિજય અને અનુશાસનના દેવ છે. પરાક્રમ, પ્રેમ, પર દુઃખભંજન, સુવ્યવસ્થા, નિર્ભયતા - વગેરે અનેક રીતે એ પ્રેરણાદાયી છે. આસો વદ છઠ્ઠને દિવસે એમના પૂજનનો મહિમા છે. એમને પ્રમાણ.

# સંગીતપ્રેમી મહારાજા જસવંતસિંહજી ક્યાંના રાજવી હતા?

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

ખજાનો

અનિલ પટેલ

૧ હેમંત ચૌહાણનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું છે?
(અ) ભજનીક (બ) નાટ્યકાર
(ક) ગીતકાર (ડ) ચિત્રકાર

૨ મોમાઈ માતાનો પૂંજ ઉત્સવ કઈ જાતિના લોકો ભક્તિભાવથી ઉજવે છે?
(અ) ચારણ-ગઢવી (બ) રબારી
(ક) આહીર (ડ) કોળી

૩ જગત મહેતાનું નામ કયા ક્ષેત્ર સાથે સંકલાયેલ છે?
(અ) ચિત્રકલા (બ) કાર્ટૂનિસ્ટ
(ક) સંગીત (ડ) ફોટોગ્રાફી

૪ કયુ સ્થળ 'પારસીઓનું કાશી' કહેવાય છે?
(અ) વલસાડ (બ) ધરમપુર
(ક) સાપુતારા (ડ) ઉદવાડા

૫ કૃષ્ણ-ભજનો માટે જાણીતા સંત અન્વર કાઝી કયા નગરના હતા?
(અ) વડનગર (બ) વિસનગર
(ક) કરણનગર (ડ) ભાવનગર

૬ સૌરાષ્ટ્રનું કયુ ગામ આફ્રિકન સીદીઓની વસતિના લીધે મીની આફ્રિકા તરીકે ઓળકાય છે?
(અ) જુંબર (બ) તલ ગાજરડા
(ક) જેતપુર (ડ) અલીયાબાડા

૭ સંગીતપ્રેમી મહારાજા જસવંતસિંહજી ક્યાંના રાજવી હતા?
(અ) વિરમગામ (બ) બોટાદ
(ક) સાણંદ (ડ) બાવળા

૮ ગુજરાતી ભવાઈના ભિષ્મ પિતામહ તરીકે કોણ ઓળખાય છે?
(અ) જયશંકર સુંદરી (બ) અસાઈત
(ક) જશવંત ઠાકર (ડ) રણછોડભાઈ ઉદયરામ

૯ શાસ્ત્રીય સંગીત માટે મશહૂર એવા બૈજુ બાવરાનું વતન કયું સ્થળ છે?
(અ) હાલોલ (બ) પાવાગઢ
(ક) ગોધરા (ડ) ચાંપાનેર

૧૦ બંસીલાલ વર્માનું નામ કયા ક્ષેત્ર માટે જાણીતું હતું ?
(અ) કાર્ટુનિંગ (બ) વોલ પેઈન્ટીંગ
(ક) સંગીત (ડ) નાટ્યકલા

૧૧ અશોકના શિલાલેખો ઉકેલવમાં સફલતા મેળવનાર પુરાતત્વવિંદનું નામ શું છે?
(અ) બાલકૃષ્ણ દોશી (બ) નાનજી કાલીદાસ મહેતા
(ક) ભગવાનલાલ ઈન્દ્રજી (ડ) જગન મહેતા

૧૨ કાનજી ભુટા બારોટ કયા ક્ષેત્રે જાણીતાં હતા ?
(અ) લોકવાર્તાકાર (બ) કથાકાર
(ક) સંગીતકાર (ડ) નાટ્યકાર

૧૩ સુગમ સંગીતના પ્રણેતા તરીકે કોણ જાણીતું છે?
(અ) રાસબિહારી દેસાઈ (બ) કુમુદિની લાખીયા
(ક) ક્ષેમુ દિવેટીયા (ડ) અવિનાશ વ્યાસ

૧૪ ભારતીય સંગીતના નોટેશન પદ્ધતિ લાવનાર પ્રથમ સંગીતકાર કોણ હતા ?
(અ) પ્રો. મૌલાબક્ષ (બ) કલ્યાણજી - આણંદજી
(ક) કુમુદિની લાખીયા (ડ) અવિનાશ વ્યાસ

૧૫ કથક નૃત્ય માટે કોણ મશહૂર છે?
(અ) ઈલાક્ષી ઠાકોર (બ) કુમુદિની લાખીયા
(ક) સોનલ માનસિંઘ (ડ) સ્મિતા શાસ્ત્રી

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૮ ઓકટોબર : વાયુસેના દિવસ
- ૨૨ ઓકટોબર :
  - સતલુજ નદી પર બાંધવામાં આવેલ ભાગરા નાંગલ બંધ ખુલ્લો મુકાયો (૧૯૬૩)
  - મશહુર હંગેરીયન કમ્પોઝર ફ્રેન્ઝ લીત્ઝનો જન્મદિવસ (૧૮૧૦)
  - વિકલિક્સના ફાઉન્ડર જુલિય અસાન્જેએ ઈરાન અને અફઘાનિસ્તાનના યુદ્ધને લગતો અમેરિકાના ડોક્યુમેન્ટ રિલિઝ કર્યા. (૨૦૧૦)
  - ચંદ્રાયાન-૧ લોન્ચ કરવામાં આવ્યું (૨૦૦૮)
- ૨૩ ઓકટોબર :
  - કેળવણીકાર યશવંત શુક્લાની પુણ્યતિથિ (૧૯૯૯)
  - નોબેલ પારિતોષિકથી રશિયન લેખક બેરિસ પસ્તરનાઈને સન્માનિત કરાયા (૧૯૬૮)
  - અમેરિકા અને ફ્રેન્ચની લશ્કરી ટુકડીઓએ સુસાઈડ બોમ્બર દ્વારા બૈરુતમાં હુમલો થયો. જેમાં ૩૦૦ કરતાં વધુ જવાન માર્યા ગયા (૧૯૮૯)
  - બ્રાઝીલીયન એથેલેટ્સ પેલેનો જન્મદિવસ (૧૯૪૦)
- ૨૪ ઓકટોબર :
  - જાણીતા સાહિતયકાર રસીક ઝવેરીનો જન્મદિવસ (૧૯૧૧)
  - આફ્રિકન-અમેરિકન સિવિલ રાઈટ્ એક્ટિવિસ્ટ રોઝ-પાર્કસનું ૯૨ વર્ષની વયે મૃત્યુ થયું (૨૦૦૫)
  - બ્રિટીશ એરવેઝ દ્વારા કોનકોર્ડ સુપર સોનિક પેસેન્ઝર સર્વિસ બંધ કરવામાં આવી (૨૦૦૩)
  - ચિલીના પ્રથમ મેક્સિકન પ્રમુક તરીકે સાલ્વાડોર એલેન્ડે ચૂંટાયા (૧૯૭૦:
- ૨૫ ઓકટોર :
  - ગીતકાર સાહિર લુધીયાનવીનું નિધન (૧૯૮૦:
  - રોમ-બર્લીન એક્સીસની સ્થાપના જર્મની અને ઈટલી દ્વારા થઈ (૧૯૩૬)
  - બેન્ઝામીન ઓ ડેવીસ - આફ્રિકન અમેરિકન મેકેલી ઓફિસર યુ.એસ. આર્મીના જનરલ બન્યા (૧૯૪૦)
  - વિશ્વ વિખ્યાત ચિત્રકાર પિકાસનો જન્મદિવસ (૧૮૮૨)
- ૨૬ ઓકટોબર :
  - અમેરિકન સેનેટર અને સેક્રેટરી ઓફ સેટ હિલેરી રોધમ ક્લિન્ટનનો જન્મદિવસ (૧૯૪૭)
  - અમેરિકાની પ્રથમ જેટ એરલાઈન બોઈન્ગ ૭૦૭ પાન અમેરિકન વર્લ્ડ એરવેઝ તરીકે અસ્તિત્વમાં આવી (૧૯૫૮)
  - કાશ્મીરના મહારાજા ભારત સાથે જોડાવા રાજી થયા (૧૯૪૭)
  - કોલેરાની રસીના શોધક વૈજ્ઞાનિક વાલ્કમેર હાસ્કીનનું નિધન (૧૯૩૦)
- ૨૭ ઓકટોબર :
  - ઈજિપ્તના અનવર સદાત અને ઈઝરાયેલના મેનાચેમ બેઝીનને ૧૯૭૮માં શાંતિ માટે નોબેલ પુરસ્કાર એનાયત થયો
  - પૂર્વ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ થિયોડ્રો રુઝવેલ્ટનો જન્મદિવસ (૧૮૫૬)
  - ન્યુક્લિયર ફીઝન પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક લીસ મિન્ટરનું નિધન (૧૯૬૮)
  - સેટર્ન રોકેટનું સફળતા પૂર્વક લોન્ચીંગ કરાયું (૧૯૬૧)
- ૨૮ ઓકટોબર :
  - સ્ટેચ્યુ ઓફ લિબર્ટી ખુલ્લુ મુકાયું (૧૮૮૬)
  - ઈંગ્લીશ ફિલોસોફર જહોન લોકનો જન્મદિવસ (૧૬૩૨)
  - ગ્રેટ બ્રિટન દ્વારા પ્રોસ્ફેરો નામનો પ્રથમ અર્થ સેટેલાઈનટ લોન્ચ કરાયો (૧૯૭૧)
  - મશહુર અમરિકન અભિનેત્રી જુલિયા રોબર્ટનો જન્મદિવસ (૧૯૬૭)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

ઉત્તરપ્રદેશના કયા સ્થળે ૬ કરતા વધુ કિસાનોને કચડી નાખવાની ઘટના બની છે ?

જવાબ : લખીમપુર

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો. જુ. સા. કૉલેજ (૫) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૬) મીત પી. પટેલ : સે-૨૩ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ

### આ સપ્તાહનો સવાલ

અવકાશ સંશોધઝન ક્ષેત્રના વિસ્તાર માટે તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ કયા એસોશિયેશનની જાહેરાત કરી?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'એફ એન્ડ જે'નું વિજયા દશમી કનેકશન : એક મૂંઝવતો પણ મીઠો પ્રશ્ન !

હળવે હૈયે

પ્રકાશ લાલા

ગાંધીનગરથી મિત્ર દીપક ભટ્ટે દશેરાની 'ગુડ મોર્નિંગ'માં અમને 'પવિત્ર પર્વ વિજયાદશમીની શુભેચ્છાઓ'ના મેસેજ સાથે 'ફાફડા જલેબી - મરચા-કઢી - સંભારો' થી સજજ પ્લેટનો ફોટો પણ મોકલ્યો અને નીચે લખ્યું : 'આ વર્ષે તમે ત્યાં આ જોઈને જ ઓડકાર ખાઈ લો.... આવતા વર્ષે અહીં સાથે ઝાપટીશું!'

લંડનમાં ફાફડા-જલેબી વગર પણે દશેરાએ અમારો ઘોડો નહીં દોડે અને એનો વિયોગ અમને સતાવસો માનીને એમણે અમારા શુભચિંતક તરીકે જ પોસ્ટ કરી, લખ્યું હશે...

પણ મન માંકડું કોઈ પણ વાતનો અવળો અર્થ લેવા પહેલું દોડતું હોય છે ને ? એટલે મનમાં થયું કે મિત્રએ અમને જલાવવા - ચીડવવા, અરે ! અહીં ફાફડા - જલેબી વગર રહી જવાની અમારા દિલ પર પડેલા ઘા ઉપર નમક છાંટવા જ સરસ મજાની પ્લેટનો ફોટો મોકલ્યો છે !! અમારા મનને વાળી વાળીને નેગેટિવીટીમાંથી પોઝીટીવીટી તરફ લાવવા કેટલાય પ્રયાસો કર્યા. 'કોઈ પણ વાતનો હકારાત્મક - સકારાત્મક અર્થ લેવાથી દુઃખી થવાતું નથી.' એવું સંતો - ચિંતકો કહી ગયા છે તેય વારંવાર યાદ કર્યું. ત્યારે માંડ મન ઠેકાણે આવ્યું ને વિચાર્યું : મિત્રએ અમારી ચિંતા કરીને, શુભાશયથી જ આવો વોટ્સએપ કરેલો...' મનોમન એમનો આભાર પણ માન્યો...

ત્યાં મનબંદર આ વિચારવૃક્ષ છોડી બીજા ઝાડની ડાળીએ ટીંગાયું કે દશેરાએ ફાફડા - જલેબી ખાવા પાછળ ધાર્મિક, સામાજિક - શારીરિક, આર્થિક કયું મહત્ત્વ હશે ? ફાફડા ખાવાથી શારીરિક કોઈ લાભ નથી, ઉલ્ટાનું એકનાએક તેલમાં તળાયેલ, સોડાયુક્ત ફાફડા કોઈ રીતે આરોગ્યપ્રદ ન જ હોઈ શકે અને મધમીઠ્ઠી ચાસણી મઢેલી જલેબી એટલે ડાયરેક્ટ ડાયાબિટીસને જ નિમંત્રણ માટે શારીરિક-આરોગ્યના કારણસર તો આ રિવાજ નથી પડ્યો એ નક્કી. તો પછી શું હશે ? દશેરા એ ભગવાન શ્રીરામચંદ્રજીએ રાવણને રણભૂમિમાં રોળી, અનિષ્ઠ ઉપર ઈષ્ટનો, અસત્ય ઉપર સત્યનો, અધર્મ ઉપર ધર્મનો વિજય ધ્વજ ફરકાવેલો એ શુભ દિન. તો શું આની ખુશાલીમાં તે સમયે રાવણથી ત્રસ્ત લંકાવાસીઓએ કે શ્રીરામચંદ્રના વિજય અને એમના આગમનના આનંદમાં અયોધ્યા વાસીઓએ આ દિવસે ફાફડા - જલેબીના આંધણ મૂક્યા હશે ? સોરી ખાંધા હશે ? કદાચ ચોક્કસ અત્યારે ઉપલબ્ધ ફાફડા - જલેબી નહીં તો એના જેવા લાંબા લચ્ચક - પાતળી પટ્ટી ને પીળા ચટ્ટ નમકીન તથા જલેબી જેવા રાઉન્ડ રાઉન્ટ મિષ્ટ કોઈ વ્યંજનો રાંધીને એની જયાફત ઊઘાડી હશે ? પરંતુ આ વિશેનો જરા સરખોય ઉલ્લેખ રામાયણ વાંચના કે એકથી વધુ વાર રામકથાના શ્રવણ દરમિયાન અત્યાર સુધીમાં ધ્યાને આવ્યો નથી. મતલબ સાફ છે કે દશેરા અને ફાફડા - જલેબીને ધાર્મિક - પૌરાણિક દષ્ટિએ પણ દૂર દૂરનો કોઈ સંબંધ નથી જ... મગજને બહુ કષ્ટ આપતાં ઝબકારો થયો કે નવું નવું ખાવાના રસિયા એવા આપણા માટે કોઈ 'ભેજાબાજ' ફરસાણવાળાએ કોઈ કાળે આ ન્યુ આઈટેમ દશેરાના દિવસે માર્કેટમાં મૂકી હશે અને પછી એ જોરદાર ઉપડી ય હશે અને આમ દશેરા એન્ડ ફાફડા જલેબી કનેકશન ચાલું થઈ ગયું હશે... પછી તો આજની ઘડીને કાલનો દહાડો !! આમ આનો ધંધાકીય - આર્થિક સંબંધ હોઈ શકે... અમે વિજયાદશમીની સવારે સવારે આવા બધા વિચારોમાં જલેબીની માફક ગુંચળું વધી ગયા હતા. ત્યાં પુત્રવધુએ ટહૂકો કર્યો : 'પપ્પા, કયાં ખોવાઈ ગયા છો ?'

'ફાફડા - જલેબીમાં....' અમારાથી બોલાઈ ગયું. પછી થયું કે હમણાં રિપ્લાય મળશે : 'રાઈટ પપ્પા, આજે દશેરાએ તમને ફાફડા યાદ આવે જ પણ સોરી, અહીં તો...' ત્યાં એણે કહ્યું, 'યસ, પપ્પા, તમે પૂજાપાઠ પતાવો પછી આપણે લઈ આવીએ ફાફડા-જલેબી!' 'શું ?' અમે આનંદાશ્ચર્ય સાથે પૂછ્યું : 'એટલે અહીં મળે છે ?' 'યસ. પૂજા સ્વીટ્સ્ એન્ડ નમકીનવાળા દશેરાએ ફાફડા જલેબી બનાવે છે, ગેટ રેડી.'

પછી તો ભાઈ પળવારમાં ડબલ સ્પીડ આવી ગઈ. ફાફડા જલેબીના નામનો જ આ પ્રતાપ તો એ ખાઈને તો શું નું શું થશે એમેય વિચાર આવી ગયો. ઘરેથી ટ્રાફિક વચ્ચે પાંત્રીસ મિનિટનું ડ્રાઈવ કરીને પુત્રવધુ 'પૂજા સ્વીટ્સ્ એન્ડ નમકીન્સ' લઈ ગઈ ત્યારે ત્યાં કેવળ ગુજરાતીઓ જ નહીં, પંજાબીઓ સહિત બીજા ઈન્ડિયન્સ અને ધોળિયાઓને ફાફડા લેવા લાઈન લગાડેલા જોયા. આપણી આ વાનગીઓએ પોતાનો કેવો ચાહક વર્ગ વિદેશમં જ જમાવ્યો છે એ જોઈ છાતી ગજગજ ફૂલીને હર્ષનાં આંસુ આવી ગયા...

ઘરે આવી, ફાફડા - જલેબી - ચટણી - સંભઆરોથી પ્લેટ સજાવી, પેલા મિત્રને ફોટો વોટ્સએપ કર્યો ને લખ્યું : 'હેપ્પી દશેરા.. અમેય અહીં ખાઈએ છીએ ફાફડા - જલેબી !' અહીં માણસો માઈલ્ટ હશે કે કેમ તે સાથે આપણે ત્યાંની માફક મરચાં નહોતા અને સંભઆરો ય કાચા પપૈયાનો નહીં - કોબીજનો ! પણ ભાઈ, પરદેશમાં તો 'જે અને જેવું મળ્યું એ માણવું રહ્યું,' ખરું ને ? સદ્નસીબે પેલા મિત્રએ અમને પૂછયું, નહીં કે 'ત્યાંના ફાફડા કેવા છે ?' બાકી કહેવું પડત કે 'ફાફડા જેવા' અહીં ફાફડા તો મોંમાં ખાસ્સો સમય સ્વાદ આપતા રહે એવા મસ્ત છે....

ના સમજ્યા ? અમદાવાદમાં ફાફડા પાતળા તે મોંમાં મૂકતાં જ ઓગળી જાય, જયારે અહીં 'મસ્ત' એટલે અલબત્ત મજબૂત ફાફડા સશક્ત - જાડા હતા, જેને ચાવતાં - ખાતાં વાર લાગે તે મોંમાં ઝટ ઓગળે નહીં. એટલે લાંબો સમય ટાઈમ સ્વાદ આપતા રહે કે નહીં ? બાકી કહેવું હોય તો કહી શકાય કે 'જેવા હોય એવા અહીં ફાફડાં જાણીને - માનીને ખાધા !!' આના ઉપરથી અમે સાત-આઠ વર્ષના હોઈશું ત્યારે એક વડીલે કહેલી વાત યાદ આવે છે. એ વડીલને કોઈ કામસર ગામડેથી મુંબઈ જવાનું થયું.... ત્યારે તો એ પરેદશ જવા જેવી મુસાફરી ગણાતી. એમના એક મિત્રએ કહ્યું કે 'મુંબઈ'નો હલવો બહુ વખણાય છે... તું જાય છે તો નહીં પાશેર - અચ્છેર હલવો લેતો આવજે... જોઈએ તો ખરા કેમ એ વખણાય છે?' પેલા વડીલ મુંબઈ ગયા. ત્યાં કામમાં હલવો લાવવાનું ભૂલી ગયા. અમદાવાદ સ્ટેશને ઉતરી, ગામડાની બસમાં 'હત તેરી કી' પેલા માટે મુંબઈનો હલવો લાવવાનો હતો !! એમણે ઘરે પહોંચી, ઘરવાળી પાસે થોડી ખાંડ સાથે લોટની કણક બંધાવી... એનું પડીકું વાળીને ગયા પેલા મિત્ર પાસે. વાતો કર્યા પછી પેલું પડીકું ધર્યું ને કહ્યું : 'તારે મુંબઈનો હલવો ચાળવો હતો ને....લે, ખા..' પેલાએ વિચારાએ હોંશે હોંશે પડીકું ખોલી, ટૂકડો મોંમાં મૂક્યો કાચો, થોડો ગળ્યો લોટ તે મોંમાં લોંદો ફરે.... એનું મોં જોવા જવું થઈ ગયું.... વડીલે પૂછ્યું : 'કેવો લાગે છે મુંબઈનો હલવો ?' પેલો બોલ્યો : 'કંઈ છે નહીં આમાં પણ બસ, મુંબઈનો જાણીને ખાઉં છું...' જો કે અહીંના ફાફડા - જલેબીનું સાવ એળું નહોતું, હો પરંપરા (?) પ્રમાણે દશેરાએ ફાફડા - જલેબી ખાધા એવો સંતોષ લઈ શકાય એવા ખરો !!